મનરેગામાં પારદર્શિતાના ધજાગરા | રાજ્યના ૩૪ માંથી માત્ર ૯ જિલ્લામાં જ લોકપાલ કાર્યરત

રાજ્યના ૨૧ જિલ્લામાં ઈન્ટરવ્યુના ૯ મહિના બાદ પણ 'લોકપાલ'ની ભરતી ઠપ!

જાગૃત નાગરિકો દ્વારા સચિવાલયમાં ઉચ્ચ સ્તરે રજૂઆત કરી

ડિસેમ્બર ૨૦૨૫ના ઇન્ટરવ્યુનું પરિણામ જાહેર કરવા માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ગુજરાતના 21 જિલ્લાઓમાં મનરેગા હેઠળ લોકપાલની પસંદગી પ્રક્રિયા ડિસેમ્બર 2025માં પૂર્ણ થયા છતાં નવ મહિના બાદ પણ પરિણામ કે નિમણૂક હુકમો જાહેર થયા નથી. રાજ્યના 34 જિલ્લાઓ પૈકી હાલમાં માત્ર 9 જિલ્લામાં જ મનરેગા લોકપાલ કાર્યરત હોવાની માહિતી સામે આવી છે. બાકીના જિલ્લાઓમાં જગ્યા ખાલી હોવાથી શ્રમિકોની ફરિયાદોના નિવારણની પ્રક્રિયા પ્રભાવિત થઈ રહી છે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીએ 21 જિલ્લાઓમાં લોકપાલની નિમણૂક માટે અરજીઓ મંગાવી હતી. અરજી ચકાસણી બાદ તત્કાલીન કમિશ્નર ગ્રામ વિકાસ અને સચિવની હાજરીમાં 3થી 14 ડિસેમ્બર 2025 દરમિયાન અંતિમ ઈન્ટરવ્યુ યોજાયા હતા. જોકે, ઈન્ટરવ્યુ પૂર્ણ થયા બાદ હજુ સુધી પરિણામ જાહેર કરવામાં આવ્યું નથી.

મનરેગા હેઠળ રોજગારીના દિવસો વધારી 125 કરાયા હોવાના સંદર્ભમાં શ્રમિકોના હિત અને યોજનામાં પારદર્શિતા જાળવવા લોકપાલની ભૂમિકા મહત્વપૂર્ણ બની છે. તેથી ડિસેમ્બર 2025માં લેવાયેલા ઈન્ટરવ્યુનું પરિણામ તાત્કાલિક જાહેર કરી 21 જિલ્લાઓમાં લોકપાલના નિમણૂક હુકમો આપવા માંગ ઉઠી છે.

દાહોદ કૌભાંડ બાદ ફાઇલો દબાવી દેવાયાની શંકા

દાહોદ મનરેગા કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ અને તેમાં રાજકીય સંડોવણી સામે આવ્યા પછી, નવા કૌભાંડો બહાર ન આવે તેવા આશયથી આ ફાઈલ દબાવી રાખવામાં આવી રહી હોવાની પ્રબળ આશંકાઓ વ્યક્ત થઈ રહી છે. આ મામલે નારાજ જાગૃત નાગરિકો દ્વારા સચિવાલયમાં ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવી છે.

કયા ૨૧ જિલ્લાઓમાં નિમણૂંક અટકેલી છે?

જે ૨૧ જિલ્લાઓમાં લોકપાલની ભરતી પ્રક્રિયા અટકેલી છે. તેમાં અમદાવાદ, અરવલ્લી, બોટાદ, છોટાઉદેપુર, ડાંગ, દેવભૂમિ દ્વારકા, દાહોદ, ગાંધીનગર, ગીર સોમનાથ, ખેડા, મહેસાણા, મોરબી, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, તાપી અને વલસાડનો સમાવેશ થાય છે.

અજાણ્યું પ્રવાહી પીતા દિનેશભાઈની તબિયત લથડી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરાના છાણી વિસ્તારમાં આવેલી શરદ પૂર્ણિમા સોસાયટી, એકતાનગરમાં અજાણી વસ્તુ પી લેતાં 48 વર્ષીય દિનેશભાઈ લલ્લુ ડાભીની તબિયત અચાનક લથડી હતી. બનાવને પગલે તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

બોરસદ તાલુકાના જરોલા ગામના વણકરવાસમાં રહેતા દિનેશભાઈ હાલ વડોદરા આવ્યા હતા. બપોરે બે વાગ્યા પહેલાં તેઓ છાણીની શરદ પૂર્ણિમા સોસાયટીમાં હાજર હતા. તે દરમિયાન તેમણે અજાણ્યું પ્રવાહી પી લીધું હતું. ત્યારબાદ તબિયત બગડતાં ઘટનાની જાણ 108 સેવાને કરવામાં આવી હતી. 108ની ટીમે સ્થળ પર પહોંચી પ્રાથમિક સારવાર આપ્યા બાદ દિનેશભાઈને સયાજી હોસ્પિટલ ખસેડ્યા હતા. હોસ્પિટલ સૂત્રોના જણાવ્યા મુજબ, હાલ તેમની સારવાર ચાલી રહી છે અને તેઓ ભાનમાં છે. તબીબોની દેખરેખ હેઠળ તેમની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે.

એમ.એસ.યુ.માં 'પ્રેરણા-2026'નો રંગારંગ પ્રારંભ

દિવ્યાંગજનોની પ્રતિભા અને આત્મવિશ્વાસને મંચ; ૭૦૦થી વધુ દિવ્યાંગજનોની ભાગીદારી

પેરા ખેલાડીઓનું સન્માન, વિવિધ સ્પર્ધાઓ યોજાઈ; 1500થી વધુ લોકોએ પ્રથમ દિવસે મુલાકાત લીધી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ દ્વારા આયોજિત 'પ્રેરણા-2026' ઈવેન્ટનો 26 સપ્ટેમ્બરે કલાભવન ખાતે ભવ્ય પ્રારંભ થયો હતો. દિવ્યાંગજનોની ક્ષમતા, પ્રતિભા અને આત્મવિશ્વાસને ઉજાગર કરતી આ ઈવેન્ટનું આ 21મું વર્ષ છે. આ વર્ષની થીમ 'ધ આર્ક ઓફ ઈન્ફિનીટ પોસિબિલિટીઝ : ફ્રોમ સ્ટાર્ટ પોઈન્ટ્સ ટુ સોવરેઈન ડેસ્ટિનીઝ'ને અનુરૂપ કલાભવન પરિસરને આકર્ષક રીતે સજાવવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે વિશિષ્ટાંગ અને મૂકબધિર પ્રતિસ્પર્ધીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે પેરા ટેબલ ટેનિસ ખેલાડી શીતલ દરજી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે 2025ની યુટીટી પેરા સિનિયર નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં વિમેન્સ ડબલ્સમાં ગોલ્ડ અને મિક્સ્ડ ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. વડોદરાની પેરા સિટિંગ વોલીબોલ ટીમ પણ કાર્યક્રમમાં જોડાઈ હતી. ટીમે રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવી ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

દિવ્યાંગજનો માટે ખાસ ડી.એ. ઈવેન્ટ્સ અંતર્ગત રંગોળી, પોટ ડિઝાઈનિંગ, મહેંદી, કેરમ, 10X શૂટિંગ અને શોટપુટ સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી. મુલાકાતીઓ માટે કિક એન રશ, ટચ ઓફ કલર, ધ માઈમ ટાઈમ અને ક્વિઝ જેવી રમતોનું પણ આયોજન કરાયું હતું.

સ્વચ્છતા જાળવવા માટે સામૂહિક પ્રતિબદ્ધતા જરૂરી

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ-સ્વચ્છતા અભિયાન

(પ્રતિનિધિ) વડોદરા તા.26

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજ રોજ તા. 26/09/2026ના રોજ જોઈન્ટ ડાયરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, વડોદરા, ડેપ્યુટી કમિશનર, લેબર તથા ડેપ્યુટી ડાયરેક્ટર, બોઈલરની કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સિલોક્સ ઈન્ડિયા લિમિટેડ, અટલાદરા, વડોદરા ખાતે વૃક્ષારોપણ તેમજ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સંસ્થાના પરિસરમાં વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. સાથે સાથે પરિસરની સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અભિયાન દરમિયાન કચરો એકત્ર કરી યોગ્ય રીતે તેનો નિકાલ કરવામાં આવ્યો તેમજ આસપાસના વિસ્તારને સ્વચ્છ અને સુઘડ રાખવા અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ પર્યાવરણનું જતન, હરિયાળી વધારવી, સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવી તથા સ્વસ્થ અને સ્વચ્છ કાર્યસ્થળનું નિર્માણ કરવું રહ્યો હતો. અધિકારીઓ તથા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતા જાળવવા માટે સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

MSUના કોમર્સ ફેકલ્ટીની વિદ્યાર્થિનીની જાપાન સેમેસ્ટર એક્સચેન્જ માટે પસંદગી

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સૌથી મોટા ફેકલ્ટી એવા કોમર્સ ફેકલ્ટીમાંથી પ્રથમ વખત સેમેસ્ટર એક્સચેન્જ માટે વિદ્યાર્થીનીની પસંદગી જાપાનની યુનિવર્સિટીમાં થઈ છે. ટીવાય બીબીએમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની આશી શાહ સપ્ટેમ્બર 2026 થી ફેબ્રુઆરી 2027 સુધી જાપાનની યુનિવર્સિટી ઓફ હ્યોગોની ગ્લોબલ બિઝનેસ સ્કૂલમાં સેમેસ્ટર એક્સચેન્જ પૂર્ણ કરશે. એમએસયુ બરોડા અને યુનિવર્સિટી ઓફ હ્યોગો વચ્ચે થયેલા એમઓયુ હેઠળ આ પ્રથમ પ્રોજેક્ટ છે, જેને વધુ 5 વર્ષ માટે રીન્યુ કરવામાં આવ્યો છે. આશી શાહની સમગ્ર સેમેસ્ટરની ટ્યુશન ફી માફ કરવામાં આવી છે. આ તક મળવા બદલ આશી શાહે જણાવ્યું હતું કે, હું જાપાનના આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક અને સાંસ્કૃતિક વાતાવરણનો અનુભવ મેળવવા આતુર છું.

સ્વચ્છતા જાળવવા માટે સામૂહિક પ્રતિબદ્ધતા જરૂરી

૧૦કે તેથી વધુને રોજગારી આપતા એકમોને નોંધણી કરાવવુ ફરજિયાત

(પ્રતિનિધિ) વડોદરા તા.26

કેન્દ્ર સરકાર દ્વારા શ્રમિકોની સુરક્ષા, આરોગ્ય અને કામકાજની સ્થિતિને સુદ્રઢ કરવા માટે ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કીંગ કંડીશન કોડ, ૨૦૨૦ (OSH|WC Code, ૨૦૨૦) તા.૨૧/૧૧/૨૦૨૫થી અમલમાં મુકવામાં આવ્યો છે. આ કોડની કલમ-૨ (v) અને કલમ-૩ અન્વયે તમામ કારખાના, બાંધકામ સ્થળ, ઔદ્યોગિક અને વ્યાપારી સંસ્થાઓ કે જે ૧૦ કે તેથી વધુ શ્રમયોગીઓને કામે રાખતી હોય, તેના માટે ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત છે. જે અન્વયે રાજ્યની તમામ પાત્રતા ધરાવતી સંસ્થાઓ ઓનલાઈન પોર્ટલ ઉપર નોંધણી પ્રક્રિયા કરી શકે તે ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા તા.૨૫/૦૮/૨૦૨૬થી શ્રમ સેતુ પોર્ટલ કાર્યાન્વિત કરવામાં આવ્યો છે. જેના માટે અરજી શ્રમ સેતુ પોર્ટલ https://shramsetu.gujarat.gov.in ઉપર કરી શકાશે. કોડની જોગવાઈઓનું પાલન થાય તે અનુસંધાને આ પ્રમાણેના મુદ્દા ધ્યાઓને લેવાના રહે છે. આ નોંધણી પ્રમાણપત્ર ખાસ કરીને મહાનગરપાલિકા/નગરપાલિકાઓ/ ગ્રામપંચાયતો દુકાન અને વાણિજ્ય અધિનિયમ હેઠળ નોંધાયેલ સંસ્થાઓ કે જે ૧૦ કે તેનાથી વધુ શ્રમયોગી ધરાવતી સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા અંગે પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન પ્રક્રિયા માટે મુકવામાં આવેલ યુઝર મેન્યુઅલન મુજબ અનુસરવાનું રહેશે. આ પ્રમાણપત્ર માલિકે સંસ્થાના મુખ્ય સ્થળે પ્રત્યક્ષ અથવા ડિજિટલ સ્વરૂપે સ્પષ્ટ દેખાય તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. કલમ-૩ હેઠળની નોંધણી કરવામાં કસુર થયેથી સબંધિત સંસ્થાના માલિક સામે ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કીંગ કડીશન કોડ, ૨૦૨૦ ની કલમ-૯૪ અંતર્ગત ઓછામાં ઓછા રૂ.૨ લાખ અને વધુમાં વધુ રૂ.3 લાખ સુધીનો દંડનીય ગુન્હો બને છે .

શહેરના વિવિધ વિસ્તારમાં પાંચ દિવસ વીજ પુરવઠો બંધ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

શહેરના વિવિધ વિસ્તારોમાં જરૂરી સમારકામ અને મેન્ટેનન્સની કામગીરીને કારણે આગામી 28, 29, 30 સપ્ટેમ્બર અને 1 અને 3 ઓક્ટોબરના રોજ વીજ પુરવઠો બંધ રહેશે. મધ્યગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા જાહેર કરાયેલી નોટિસ મુજબ, દરરોજ સવારે 06:00 થી 10:00 કલાક સુધી ચાર કલાક વિજપુરવઠો કામચલાઉ બંધ રહેશે. કામગીરી પૂરી થતાં જ વીજ પુરવઠો પૂર્વવત શરૂ કરી દેવામાં આવશે. તા. 28ના રોજ અટલાદરા - પ્રથમ ઉપવન, તા. 29ના રોજ વાસણા - માઈલ સ્ટોન ફિડર, વેમાલી - એનિમલ ફિડર, તા. 30ના રોજ અકોટા - સ્ટેડિયમ ફિડર, અટલાદરા - ચાણક્ય ફિડર, વાસણા - રાધેશ્યામ ફિડર, લક્ષ્મીપુરા - સોમનાથ ફિડર અને તા. 1 ઓક્ટોબરનારોજ વાસણા - સ્વીપીંગ ફિડર, વેમાલી - મધુવન ફીડર તેમજ તા.3 ઓક્ટોમ્બરના રોજ અટલાદરા - જગન્નાથ ફિડરનો સમાવેશ થાય છે.

1,800થી વધુ દુર્લભ પુસ્તકોનો બૌદ્ધિક વારસો

નવરચના યુનિવર્સિટીમાં 'લોર્ડ ભીખુ પારેખ સ્ટડી'નું લોકાર્પણ

LORD BHIKHU PAREKH
S T U D

(પ્રતિનિધિ) વડોદરા તા.26

નવરચના યુનિવર્સિટીની એનયુવી લાઈબ્રેરી ખાતે જાણીતા રાજકીય વિચારક અને વિદ્વાન લોર્ડ ભીખુ પારેખના વ્યક્તિગત પુસ્તકસંગ્રહને સમર્પિત 'લોર્ડ ભીખુ પારેખ સ્ટડી'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ વિશેષ વિભાગમાં લોર્ડ પારેખના 1,800થી વધુ દુર્લભ અને મૂલ્યવાન પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ઉદ્ઘાટન સમારોહમાં લોર્ડ ભીખુ પારેખ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. નવરચના એજ્યુકેશન સોસાયટીનાં ચેરપર્સન તેજલ અમીને જણાવ્યું હતું કે આ સંગ્રહ માત્ર પુસ્તકોની ભેટ નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે જ્ઞાનનો અમૂલ્ય વારસો છે. લોર્ડ ભીખુ પારેખે જણાવ્યું હતું કે મોબાઈલ અને લેપટોપના યુગમાં આ લાઈબ્રેરી વાચકોને વધુ સ્થિર અને વિશ્લેષણાત્મક અભિગમ કેળવવામાં મદદરૂપ બનશે.

સંગીતકાર આરોહી અને ગૌતમ ડાભીની ટીમ દ્વારા ૪ નવા ગરબા લોન્ચ

વીએનએફ નવરાત્રી ફેસ્ટિવલનો થનગનાટ: કેસુડાના રંગે રંગાશે નવલખીનું ગરબા મેદાન

(પ્રતિનિધિ) વડોદરા તા.26

સંસ્કારી નગરી વડોદરામાં નવરાત્રીના મહાપર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે ગરબાપ્રેમીઓ અને ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડોદરાના ઐતિહાસિક નવલખી મેદાન ખાતે યોજાનારા 'વડોદરા નવરાત્રી ફેસ્ટિવલ ૨૦૨૬' માટેની તૈયારીઓ પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. આયોજકો દ્વારા આ વખતની વિશેષ થીમ અને તૈયારીઓની વિગતો જાહેર કરવા માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ષે 'વડોદરા નવરાત્રી ફેસ્ટિવલ'માં ડેકોરેશન માટે પ્રકૃતિ અને સંસ્કૃતિના સુમેળ સમી કેસુડાના ફૂલ ની થીમ પસંદ કરવામાં આવી છે . આ થીમ આધારિત આકર્ષક ડેકોરેશનની પ્રથમ ઝાંખી સત્તાવાર રીતે ખુલ્લી મૂકવામાં આવી હતી. દર વર્ષે VNFના અનોખા અને ભવ્ય ડેકોરેશન માટે ગરબાપ્રેમીઓમાં જે ઉત્સુકતા અને અપેક્ષા હોય છે, તેને ધ્યાનમાં રાખીને આ વખતે કેસુડાના ફૂલોની મનોહર થીમથી આખું મેદાન સજાવવામાં આવશે, જેથી માઈભક્તો અને ખેલૈયાઓને એક અનોખો અનુભવ પ્રાપ્ત થાય.

ગરબા ઉત્સવમાં સંગીત અને સ્વરોનું પણ વિશેષ મહત્વ હોય છે. આ પ્રસંગે ગાયક વૃંદ આરોહી, ગૌતમ ડાભી અને તેમની ટીમે ખાસ નવરાત્રી માટે ચાર નવા ગરબાની રચના કરી છે. આ ચારેય ગરબાનું લાઈવ પરફોર્મન્સ પણ રજૂ કરવામાં આવ્યું હતું. વડોદરા નવરાત્રી ફેસ્ટિવલના ૨૦૦થી વધુ બ્રાન્ડ એમ્બેસેડરોએ પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને આ નવા ગરબાના તાલે લાઈવ પરફોર્મન્સ સાથે ગરબે ઘૂમીને વાતાવરણને ભક્તિમય અને ઉત્સવમય બનાવી દીધું હતું. વડોદરાવાસીઓ ને VNF ના આયોજક મયંક પટેલે ખાતરી આપતાં જણાવ્યું છે કે આ વખતનું આયોજન અત્યંત સુચારુ, સુવ્યવસ્થિત અને સુરક્ષિત રહેશે.

CREDAI VADODARA NAVRATRI FESTIVAL
AMDAVAD નવરાત્રિ FESTIVAL

વડોદરાવાસીઓએ બાપ્પાને આપી ભાવભીની વિદાય

વહેલી સવારથી બીજા દિવસે સવારે આઠ વાગ્યા સુધી ચાલ્યુ વિસર્જન

ચારેય ઝોનના કૃત્રિમ તળાવોમાં કુલ ટોટલ ૨૪,૧૩૪ શ્રીજી પ્રતિમાઓનું વિસર્જન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬

શહેરમાં ગણેશ ઉત્સવના પાવન અવસર પર વિસર્જન પર્વ ભારે ઉત્સાહ અને ધાર્મિક વાતાવરણમાં ઉજવાઈ રહ્યો છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધા અને પર્યાવરણની જાળવણી માટે શહેરના ચારેય ઝોનમાં ખાસ કૃત્રિમ તળાવોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ગતરોજથી શરૂ થયેલ શ્રીજીની પ્રતિમાઓના વિસર્જનનો પ્રવાહ આજ વહેલી સવાર સુધી અવિરત ચાલુ રહ્યો હતો, જેમાં હજારો ભક્તોએ બાપ્પાને આંસુ અને સ્મિત સાથે વિદાય આપી હતી. મહાનગરપાલિકા દ્વારા પ્રાપ્ત થયેલા અધિકૃત આંકડાઓ મુજબ, વડોદરાના જુદા જુદા ૧૨ મુખ્ય વિસર્જન કેન્દ્રો પરથી બે દિવસ દરમિયાન મોટી સંખ્યામાં શ્રીજી પ્રતિમાઓનું વિસર્જન નોંધાયું છે. **પૂર્વ ઝોન :** લેપ્રસી મેદાન સ્થિત કૃત્રિમ તળાવ ખાતે સૌથી વધુ ૩,૨૮૫ પ્રતિમાઓનું વિસર્જન થયું છે. આ ઉપરાંત ખોડીયાર નગર ચાર રસ્તા ખાતે ૨,૦૫૯ અને હરણીકુંડ ખાતે ૧,૩૦૯ પ્રતિમાઓ વિસર્જિત કરવામાં આવી છે. **પશ્ચિમ ઝોન :-** પશ્ચિમ વિસ્તારમાં દશામાં તળાવ ખાતે ૨,૭૩૧, ભાયલી કૃત્રિમ તળાવ ખાતે ૧,૫૭૦ અને બિલ તળાવ ખાતે ૫૩૯ પ્રતિમાઓ વિસર્જિત કરવામાં આવી હતી. **ઉત્તર ઝોન :-** ઉત્તર ઝોનમાં નવલખી કૃત્રિમ તળાવ ખાતે ૨,૮૩૯ તથા હરણી સમાં લિંક રોડ સ્થિત કૃત્રિમ તળાવ ખાતે ૩,૧૨૧ શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન થયું હતું. **દક્ષિણ ઝોન :-** દક્ષિણ ઝોનમાં માંજલપુર કંચન ઉદ્યાન સ્થિત તળાવ ખાતે ૨,૮૩૪, એસ.એસ.વી.પી. સ્થિત કુબેરેશ્વર કૃત્રિમ તળાવ ખાતે ૨,૧૮૭, મકરપુરા તળાવ ખાતે ૧,૩૦૪ અને તરસાલી તળાવ ખાતે ૩૫૬ પ્રતિમાઓનું વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું. પર્યાવરણની રક્ષા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરાયેલી કૃત્રિમ તળાવોની વ્યવસ્થાને નાગરિકો તરફથી ભારે સમર્થન મળ્યું છે. તમામ વિસર્જન સ્થળો પર સુરક્ષા, સફાઈ અને લાઈટીંગની ઉત્તમ સુવિધાઓ ઊભી કરવામાં આવી હતી, જેથી ભક્તોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે. પોલીસ અને મ્યુનિસિપલ તંત્રના સંકલનને કારણે આ સમગ્ર અભિયાન શિસ્તબદ્ધ રીતે પાર પડ્યું છે.

કાયદાકીય અધિકારો અને પોષણમાં સમાનતા અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું

ગોત્રી GMERS મેડિકલ કોલેજ ખાતે 'સેતુ' પ્રોગ્રામ અંતર્ગત જેન્ડર ઈક્વાલિટી અને વર્કપ્લેસ રાઈટ્સ પર સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ એમ.એસ. યુનિવર્સિટીના જેન્ડર રિસોર્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે વડોદરાની ગોત્રી GMERS મેડિકલ કોલેજ ખાતે 'સેતુ' કાર્યક્રમ અંતર્ગત એક વિશેષ સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા પેઢીમાં લિંગ સમાનતા અંગે જાગૃતિ લાવવા અને માનસિકતામાં સકારાત્મક બદલાવ લાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆતમાં નોડલ ઓફિસર અને ઓબીજીવાય વિભાગના પ્રોફેસર ડૉ. દીપા પિત્રે દ્વારા 'સેતુ' કન્સેપ્ટ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે પુરુષો અને સ્ત્રીઓની શારીરિક તથા માનસિક ક્ષમતાઓ અલગ હોઈ શકે છે, પરંતુ સામાજિક કે કૌટુંબિક સ્તરે બહેનોને અન્યાય કે શોષણ ન થાય તે માટે આ સમાનતાનો સંદેશ સમાજના પાયા સુધી પહોંચાડવો અનિવાર્ય છે. એમ.એસ. યુનિવર્સિટીના રિસોર્સ પર્સન ડૉ. હિરલ પરમાર અને ડૉ. કૃપા વ્યાસે સમાજમાં પ્રવર્તતા જેન્ડર ડિસ્ક્રિમિનેશન અને કાર્યસ્થળ પર મહિલાઓની સુરક્ષા માટેના 'જાતીય સતામણી અને અધિનિયમ ૨૦૧૩' હેઠળના અધિકારો અને જવાબદારીઓ વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. વડનગરના પીએસએમ વિભાગના પ્રોફેસર અને એચ.ઓ.ડી. ડૉ. નિલેશ ઠાકોરે 'સોશિયલ એન્ડ બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન' વિષય પર વિચારો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મનની ધાર સદંતર સકારાત્મક રાખવી ખૂબ જરૂરી છે. આ સાથે તેમણે ઉમેર્યું હતું કે પારિવારિક કે સામાજિક સ્તરે ખોરાક અને પોષણ બાબતે પણ ઘણીવાર ભેદભાવ જોવા મળે છે, જેને દૂર કરીને સંતુલિત પોષણ પૂરું પાડવું આવશ્યક છે.

જરૂરી સમારકામ અને મેન્ટેનન્સના કારણે વિવિધ વિસ્તારોને અસર

આગામી પાંચ દિવસ વીજ પુરવઠો બંધ રહેશે

નાગરિકોને આ સમયગાળા દરમિયાન સહકાર આપવા અને જરૂરી વીજ ઉપકરણો અંગે સાવચેતી રાખવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં જરૂરી સમારકામ અને મેન્ટેનન્સની કામગીરીને કારણે આગામી 28, 29, 30 સપ્ટેમ્બર અને 1 અને 3 ઓક્ટોબરના રોજ વીજ પુરવઠો બંધ રહેશે. મધ્યગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા જાહેર કરાયેલી નોટિસ મુજબ, દરરોજ સવારે 06:00 થી 10:00 કલાક સુધી ચાર કલાક વિજપુરવઠો કામચલાઉ બંધ રહેશે. કામગીરી પૂરી થતાં જ વીજ પુરવઠો પૂર્વવત શરૂ કરી દેવામાં આવશે. તા. 28ના રોજ અટલાદરા - પ્રથમ ઉપવન, તા. 29ના રોજ વાસણા - માઈલ સ્ટોન ફિડર, વેમાલી - એનિમલ ફિડર, તા. 30ના રોજ અકોટા - સ્ટેડિયમ ફિડર, અટલાદરા - ચાણક્ય ફિડર, વાસણા - રાધેશ્યામ ફિડર, લક્ષ્મીપુરા - સોમનાથ ફિડર અને તા. 1 ઓક્ટોબરનારોજ વાસણા - સ્વીપીંગ ફિડર, વેમાલી - મધુવન ફીડર તેમજ તા.3 ઓક્ટોમ્બરના રોજ અટલાદરા - જગન્નાથ ફિડરનો સમાવેશ થાય છે. નાગરિકોને આ સમયગાળા દરમિયાન સહકાર આપવા અને જરૂરી વીજ ઉપકરણો અંગે સાવચેતી રાખવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

કવિ દુલાકાગ પ્રાથમિક શાળા પીએમ શ્રી ગુજરાત ખાતે 'સેવા સંકલ્પ અભિયાન

(પ્રતિનિધિ) વડોદરા તા.26

કવિ દુલાકાગ પ્રાથમિક શાળા પીએમ શ્રી ગુજરાત ખાતે 'સેવા સંકલ્પ અભિયાન 2026' અંતર્ગત 'વિકસિત ભારત 2047' તથા 'સેવા અને સુશાસન' વિષય પર ઝોન કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ યોજાઈ... 'સેવા સંકલ્પ અભિયાન 2026' અંતર્ગત 'વિકસિત ભારત 2047' તથા 'સેવા અને સુશાસન' વિષય પર ઝોન કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના પ્રસંગે શાળામાં વડોદરા શહેરના મેયર શ્રીમતી ગીતાબેન મકવાણા, શહેર ભાજપના પદાધિકારીઓમાં શ્રી દિપકભાઈ પઢીયાર, ધરતીબેન માછી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વડોદરાના અધ્યક્ષ શ્રી અંજનાબેન ઠક્કર , અન્ય પદાધિકારી, કાઉન્સિલરશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા . ઉપસ્થિત તમામે બાળકોએ દોરેલા ચિત્રો ઉપસ્થિત તમામે સમગ્ર ઝોન ૨ ની તમામ શાળાઓના બાળકો દ્વારા દોરવામાં આવેલ ચિત્રોની પ્રદર્શની નિહાળી હતી.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૪૩૫/૨૬-૨૭	અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગ	૧૫	૬,૭૭,૬૦૫/-
૨	૪૩૬/૨૬-૨૭	પાણી પુરવઠા શાખા	૦૨	૫,૨૭,૮૧૯/-
૩	૪૩૭/૨૬-૨૭	ઇલે.મિકે.સુવેજ	૦૧	૧,૪૬,૨૭,૭૯૦/-
૪	૪૩૮/૨૬-૨૭	મિકેનીકલ શાખા	૦૧	૨૦,૩૫,૫૦૦/-
૫	૪૩૯/૨૬-૨૭	સયાજીબાગ ઝૂ	૦૧	૪,૧૬,૫૮,૭૦૪/-
૬	૪૪૦/૨૬-૨૭	સયાજીબાગ ઝૂ	૦૧	૨,૧૮,૨૬૨/-

નોંધ: અ.નં.૩,૪ અને ૫ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૪૪૧/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.: ૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઈલ: eeraj.dgvcl@gebmail.com

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/ વાર	સમય
૧	૬૬ કેવી પોમલાપાડા	૧૧ કેવી મગરદેવ જેજીવાય	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૨૮.૦૯.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૨	૬૬ કેવી પોમલાપાડા	૧૧ કેવી ધનોર એજી	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૨૮.૦૯.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૩	૬૬ કેવી ડેડીયાપાડા	૧૧ કેવી પાનુડા જેજીવાય	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૨૯.૦૯.૨૦૨૬ (મંગળવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૪	૬૬ કેવી ડેડીયાપાડા	૧૧ કેવી ચૂલી એજી	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૨૯.૦૯.૨૦૨૬ (મંગળવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૫	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી સેલંબા જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૨૯.૦૯.૨૦૨૬ (મંગળવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૬	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી નરવાડી એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૨૯.૦૯.૨૦૨૬ (મંગળવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૭	૬૬ કેવી બલ	તમામ ફીડર	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૩૦.૦૯.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૮	૧૩૨ કેવી તિલકવાડા	૧૧ કેવી અલવા જેજીવાય	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૩૦.૦૯.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૯	૧૩૨ કેવી તિલકવાડા	૧૧ કેવી ગંભીરપુરા એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૩૦.૦૯.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૦	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી દેવમોગરા જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૩૦.૦૯.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૧	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી ગોળદા એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૩૦.૦૯.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૨	૬૬ કેવી ડેડીયાપાડા	૧૧ કેવી ગંગાપુર જેજીવાય	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૦૧.૧૦.૨૦૨૬ (ગુરુવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૩	૬૬ કેવી ડેડીયાપાડા	૧૧ કેવી જરગામ એજી	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૦૧.૧૦.૨૦૨૬ (ગુરુવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૪	૬૬ કેવી ભોગવડ	૧૧ કેવી કોલવાણ જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૦૧.૧૦.૨૦૨૬ (ગુરુવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૫	૬૬ કેવી ભોગવડ	૧૧ કેવી જાવલી એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૦૧.૧૦.૨૦૨૬ (ગુરુવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૬	૬૬ કેવી બલ	૧૧ કેવી સામોટ જેજીવાય	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૦૩.૧૦.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦

નોંધ:કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી, રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો